# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં દિપોત્સવ પર્વે અને નૂતન વર્ષની ઉલ્લાસભેર ઉજવણી









અરવલ્લી, તા. ૨

વિક્રમ સંવત-૨૦૭૩ને બન્ને જિલ્લાની પ્રજાએ આનંદ ઉલ્લાસ અને આતશબાજી તેમજ ઝળહળતી રોશનીથી વધાવ્યો હતો. દિવડાઓના પ્રકાશ અને રોશનીથી ઝગમગાટ કરીને બન્ને જિલ્લાની પ્રજાએ નવા વર્ષનો સત્કાર કરી આવકાર્યો હતો. પ્રજાજનોએ એકબીજાને ભેટી, મોં મીઠુ કરાવીને નવા વર્ષે શુભકામનાઓ તેમજ વોટ્સઅપ અને ફેસબુક દ્વારા મેસેજની આપ-લે કરી શુભકામનાઓ પાઠવી રંગેચંગે ઉજવણી કરી હતી. મોડાસા તાલુકાના રામપુર અને સાકરીયા ગામના પ્રજાજનો અને પશુપાલકોએ વર્ષોથી ચાલી આવતી પરંપરા અનુસાર ગામની પાદરે પશુધન એકઠુ કરી ફટાકડા ફોડી ભડકાવી નવા વર્ષની અનોખી ઉજવણી કરી હતી.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના પ્રજાજનોએ નવા વર્ષની ઉજવણીમાં મશગુલ બન્યા હદા. અબાલ, વૃદ્ધ, મહિલાઓ સૌ કોઈ એકબીજાને ગળે મળી નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. મોડાસા તાલુકાના રામપુર અને સાકરીયા ગામમાં નવા વર્ષની પરંપરા મુજબ ગોપાલકો અને ગ્રામજનો દ્વારા સંવત ૨૦૭૩ના નવા વર્ષની ઉજવણીમાં ગામની પાદરે આવેલા રાધાક્રિષ્ણ મંદિરે એકઠા થયા હતા અને ગામના તમામ પશુઓને એક જ સ્થાન પર એકઠા કરી ફટાકડા ફોડી ગોપાલકોએ અને પ્રજાજનોએ પશુઓને ભડકાવવામાં આવ્યા હતા. ફટાકડાના અવાજથી પશુઓ દોડાદોડી કરી મુકતા અનોખા દશ્યો સર્જાયા હતા. આ પરંપરાગત વિધિ બાદ બન્ને ગામના લોકો ભગવાનના દર્શન કરી સામુહિક રીતે એકબીજાને ભેટી આવનારૂ નવું વર્ષ સૌ કોઈને ફળદાયી નીવડે તેવી શુભેચ્છા પાઠવી હતી.

ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ નવા વર્ષની અનોખી ઉજવણી પાઠળ વર્ષો પુરાણી માન્યતા રહેલી છે. સામાન્ય દિવસોમાં ફટાકડાથી ભડકેલા પશુઓ દોડાદોડી કરીને મનુષ્યને નુકશાન પહોંચાડે છે. જ્યારે નવા વર્ષના દિવસે ફટાકડાથી ભડકાવેલા પશુઓ કોઈ વ્યક્તિને શીંગડે ભરાવતા નથી તદ્‌ઉપરાંત પશુઓને ભેદી રોગ સામે રક્ષણ મળતુ હોવાથી આ અનોખી ઉજવણીથી ખેતીની ઉપજ સાથે ગામમાં ભાઈચારો જળવાઈ રહે તે માટે આ રીતે પરંપરાગત ઉજવણી કરવામાં આવે છે. અને આગામી વર્ષોમાં પણ પરંપરાગત પશુઓને ફટાકડાથી ફડકાવી નવા વર્ષની અનોખી ઉજવણી તેમનો વારસો જાળવશે તેવુ પ્રજાજનોએ જણાવ્યું હતું.

## મોડાસાના કડીયાવાડા વિસ્તાર અને શ્યામનગર સોસાયટીમાં દિવાળી પર્વમાં શહિદોને શ્રધ્ધાંજલિ અર્પી અનોખી ઉજવણી કરી



મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના કડીયાવાડા વિસ્તાર અને માલપુર રોડ પર આવેલી શ્યામનગર સોસાયટીની એક મહિલા દ્વારા ઉરી આતંકવાદી હૂમલામાં અને પાકિસ્તાન તરફથી થતા સિઝ ફાયરમાં શહીદ થયેલા દેશના વિર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પવા અનોખી ઉજવણી કરી હતી. કડીયાવાડા વિસ્તારમાં સ્થાનિક આગેવાનો અને વિસ્તારના રહીશો દ્વારા ચોકમાં ભારત માતાનો નકશો બનાવી તેમાં મીણબત્તી પ્રગટાવી દેશની સરહદ પર અમર થયેલા જવાનોના નારા લગાવી ભારત માતા કી જયના ગગનભેદી નારાઓ લગાવતા આખો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો અને કેન્ડલ લાઈટ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પી હતી.

મોડાસાના માલપુર રોડ પર આવેલી શ્યામનગર સોસાયટીમાં રહેતા રાધાબેન નામની મહિલાએ દિવાળી પર્વ નિમિત્તે ખાસ પ્રકારની રંગોળી બનાવી હતી. જેમાં ત્રિરંગો અને બોર્ડર પર ફરજ બજાવતા લશ્કરી જવાનની સુંદર રંગોલી બનાવી સરહદ પર શહીદ થયેલા વીર જવાનોને દેશભક્તિ રંગોળી અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.



પ્રકાશના પર્વ દિવાળીમાં લોકોએ રોશનીથી ઘરોની સજાવટ કરી હતી. ડીસા શહેર પણ દિવાળી પર્વ નિમિત્તે રોશનીથી ઝગમગી ઉઠ્યું છે. લોકો પોતાના આવાસો, બગીચા, દુકાનો અને ઓફિસોને રોશનીથી સજાવી હતી.

## પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિર ખાતે ૧૨૯મો અન્નકુટ

**૫૬ ભોગ, વિવિધ મિઠાઈઓ, કઠોર , શાકભાજી કુટ, ઠંડાપીણા સહિત તમામ પ્રકારની વાનગીઓનો અન્નકુટ ભર્યો : હરિભકતોએ ભગવાન તથા અન્નકુટના દર્શન કરી ધન્યતા અનુભવી**





પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બજાર ચોક વિસ્તારમાં આવેલ ભગવાન સ્વામિનારાયણ મંદિર ખાતે દરવર્ષ ની જેમ આ વર્ષે પણ ૧૨૯ મો અન્નકુટ ભરવામાં આવ્યો હતો જેમા હરિભક્તોએ ભગવાન સ્વામિનારાયણ તથા અન્નકુટના દર્શન કરી ધન્યતા અનુભવી હતી

પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ધનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, ધર્મ પિતા, ભકિત માતા અને રાધા કુષ્ણ ત્રણેય આગળ દર વર્ષ ની જેમ આ વર્ષે ૧૨૯મો અન્નકુટ ભરવામાં આવ્યો હતો જેમાં ૫૬ ભોગ, કઠોળ, શાકભાજી, મિઠાઈ, ઠંડા પીણાં સહિત વિવિધ ખાણીપીણી આઈટમો સહિત અન્નકુટ ભરવામાં આવ્યો હતો અને આરતી પણ યોજાઈ હતી.

જયારે પ્રાંતિજ સહિત આજુબાજુમાં રહેતાં સ્વામિનારાયણ સંપ્રદાયના ભાઈબહેનો મંદિર માં આવી અન્નકુટ સહિત આરતીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જયારે મંદિરમાં હિંડોળા, શાકોત્સવ, પાટોત્સવ, શરદપૂનમ વગેરે ઉત્સવો અહી યોજાય છે જયારે મંદિરના મહંત પ્રાણ જીવન સ્વામી, ગોપાલદાસજી સ્વામી મંદિરના પ્રમુખ કનુભાઈ પંડયા, હરિભાઈ મોદી, નિતિનભાઈ દવે, જીજ્ઞેશભાઈ, પરાગભાઈ દ્વારા મંદિરમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.




માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન

નવા વર્ષના સૌ પ્રજાજનોને
નૂતન વર્ષાભિનંદન

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) નિર્મળ ગુજરાત
શૌચાલય બનાવો અને રોગથી મુક્ત નિર્મળ ગામ બનાવો
શૌચાલય બનાવો માટે નીચે મુજબની સહાય મળવાપાત્ર છે.

- બી.પી.એલ (૦ થી ૧૬ સ્કોર) ધરાવતાં લાભાર્થીઓને સરકારશ્રી તરફથી પ્રોત્સાહક રકમ રૂા. ૧૨૦૦૦/
- એ.પી.એલ (૧૭ થી ૫૨ સ્કોર) ધરાવતાં એસ.સી./એસ.ટી જમીન વિહોણા, વિધવા, અપંગમાં સમાવેશ થતો હોય તેવા લાભાર્થીઓને સરકારશ્રી તરફથી પ્રોત્સાહક રકમ રૂા. ૧૨૦૦૦/-
- એ.પી.એલ (૧૭ થી ૫૨ સ્કોર) ઉપર મુજબના પાંચ ક્રાઈટએરીયામાં સમાવેશ ન થતો હોય તેવા લાભાર્થીઓને સરકારશ્રી તરફથી પ્રોત્સાહક રકમ રૂા. ૪૦૦૦/-

નિયામક
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,
ખેડા-નડિયાદ



શ્રી દેવુસિંહ ચૌહાણ
ચેરમેનશ્રી,
ખેડા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
તથા
સાંસદ-ખેડા